**-: <u>આંક-૦૫ લગત હુકમ</u> :-**

૧. વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી (૧) છત્રસિંહ સામંતસિંહ ચૌહાણ, (૨) અર્જુનસિંહ તે ભગવાનસિંહ તે ચંદ્રસિહ ચૌહાણ, તથા (૩) નરવસિંહ હિંમતસિંહ ચુથાભાઈના વારસ તમામ રહે.શીલી, નાગજીપુરા, તા.ઉમરેઠ, જી.આણંદનાઓની સંયુક્ત માલિકી કબજા ભોગવટાવાળી વડીલોપાર્જિત ખેતીલાયક જમીન મોજે ગામ શીલી, તા. ઉમરેઠ, જી. આણંદના રે.સ.નં. ૭૫૯ જેનુ કુલ ક્ષેત્રફળ હે. ૨-૪૮-૮૮ આરે. જેના આકાર રૂા. ૨૫.૪૪ પૈસા વાળી જેનો ખાતા નં. ૪ છે, જે અમો તમામના સંયુકત નામે આવેલ છે. વાદી અને તેમના વડિલો જે જમીનમાં ૩૦૦ વર્ષ ઉપરાંત થી જે રસ્તાનો ઉપયોગ તેઓની ખેતીલાયક જમીનમાં જવા-આવવા તથા ખેતીલાયક સાધનો લાવવા-લઈ જવા માટે કરતા હતા, તે આ કામના પ્રતિવાદીએ સદંતર રીતે બંધ કરી દીધેલ છે. વાદીની મજકુર વર્ણન વાળી ખેતીલાયક જમીનની ઉત્તર દિશા તરફ આવેલ રે.સ.નં. ૭૬૦ ની જમીનમાંથી તેઓ કાયમ રીતે અવર-જવર કરતા આવેલા છે. રે.સ.નં. ૭૬૦ વાળી ખેતીલાયક જમીન ની ઉત્તર દિશા તરફ નાગજીપુરા થી પાલા ચોકડી જવાનો પાકો રસ્તો આવેલ છે, જે રસ્તા ઉપર થઈને સર્વે નં. ૭૬૦ માંથી તેઓ સર્વે નં. ૭૫૯ તેઓની માલિકીની જમીનમાં અવર-જવર કરતા આવેલા છે. મજકુર રે.સ.નં. ૭૬૦ વાળી જમીન તેના માલિકો આ કામના સામાવાળા ને બે વર્ષ અગાઉ વેચાણ થી આપેલ છે, અને તેઓએ વેચાણ રાખ્યા બાદ પણ વાદીઓ રસ્તાનો ઉપયોગ કરતા આવેલા છે. વધુમાં વાદી તેમની મનાઈ અરજીમાં જણાવે છે કે, કોવીડ-૧૯ ને લઈને સરકારશ્રીએ માર્ચ મહીનાથી જે લોકડાઉન કરેલ હતુ જે કારણસર જમીનમાં આવતા-જતા ન હોવાથી તેનો ગેરલાભ લઈ ઝાંપો મારી વાદીનો રસ્તો બંધ કરી દીધેલ છે, જેથી નારાજ થઈ આ કામના વાદીએ ઉમરેઠના મે. મામલતદાર સાહેબશ્રીની કોર્ટમાં મામલતદાર કોર્ટ એકટ હેઠળ મુ. નં. ૧૧/૨૦ દાખલ કરેલ હતો, જે ચાલી જતા ઉમરેઠના મે. મામલતદાર સાહેબશ્રીએ રસ્તાની તકરાર દિવાની કોર્ટ દ્વારા

અસરકારક ન્યાય નિર્ણય થઈ શકે તેમ હોઈ કેસ રજીસ્ટર્ડે થી કમી કરી દીવેલ છે. જેની આ કામના વાદીને લેખીતમાં જાણ કરી દીધેલ છે. વાદીની તથા આ કામના પ્રતિવાદીની જે સર્વે નંબરોથી જમીન આવેલ છે, તે અગાઉ થી સંયુકત હતી એટલે કે સર્વે નં.૭૫૯ તથા ૭૬૦ બંને સર્વે નંબરો એક જ માલિકના નામે ચાલતી હતી જેમાંથી એક સર્વે નંબરમાં ગણોતીયા પ્રસ્થાપીત થયેલ છે, અને બીજી જમીન જમીન માલિકના નામે ચાલતી આવેલ છે, જયારે જમીન એક જ માલિકના નામે ચાલતી હતી જેથી રસ્તાનો ઉપયોગ ઉત્તર દિશા તરફ આવેલા મુખ્ય માર્ગ ઉપર થી કરતા આવેલા છે અને માલિકો અલગ થયા બાદ પણ ઘણા વર્ષો થી તે જ રસ્તાનો ઉપયોગ કરતા આવેલા છે. પરંતુ આ કામના પ્રતિવાદીએ લોકડાઉન નો ગેરલાભ લઈ અને આ કામના વાદીના રસ્તાને ખોટી રીતે બંધ કરી દીધેલ છે. ધંધાની કે વેપાર રોજગારની અન્ય દિશા વાદી પાસે નથી મજકુર જમીનમાં અવર–જવર કરવા માટે ખેતીલાયક સાધનો લાવવા–લઈ જવા માટે ખેતીની ઉપજ નો નિકાલ કરવા માટે અન્ય સ્થળે લઈ જવા માટે આ કામના વાદી પાસે આ રસ્તા સિવાય કોઈ રસ્તો આવેલો નથી. વાદીના ખેતરની પશ્ચિમ દિશા તરફ એક ખેતર છોડી નહેર આવેલ છે, પૂર્વ–પશ્ચિમ દિશા તરફ અન્ય માલિકોના ખેતરો આવેલા છે, જેથી રસ્તાનો ખુબ મોટો અને ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે જો વાદીને આ રસ્તાનો ઉપયોગ કરવાનો ન મળે તો તેઓને ઘણું આર્થિક આંકડામાં માપી ન શકાય તેવુ નુકશાન થાય છે, અને થઈ રહ્યુ છે. કુલ ક્ષેત્રફળ હે. ૨–૪૮–૮૮ આવે. જેના આકાર રૂા.૧૫.૪૪ પૈસા વાળી જેનો ખાતા નં. ૪ વાળી જમીન કે જેને દાવાવાળી મિલકત તરીકે વર્ણવેલ છે. જેની ચર્તુસીમા આ મુજબ છે. પૂર્વ– ધીરુભાઈ ધુળાભાઈ, છત્રભાઈ ધુળાભાઈ, નરેન્દ્રસિંહ નટવરસિહ તથા રાયસિંહ અમરસિંહની ખેતીની જમીન આવેલ છે. પશ્ચિમે: ભાવાભાઈ શંકરભાઈ તથા જયંતિભાઈ ચંદ્રસિહ તથા રણજીતસિહ ઉદેસિંહની જમીન આવેલ છે. ઉત્તરમાંઃ આ કામના અરજદારની સર્વે નં.૭૫૯ ની જમીનને અડીને પ્રતિવાદીની સર્વે નં. ૭૬૦ વાળી જમીન મુકી જીવાપુરા થી પાલા ચોકડીનો પાકો રસ્તો આવેલ છે. દક્ષિણેઃ ધીરુભાઈ ધુળાભાઈ ચૌહાણ વિગેરેની

જમીન આવેલ છે. દાવાના વિષયવાળી મિલકત ના વાદીઓ કાયદેસર ના માલીક અને કબજેદાર છે, તેવુ ઠરાવી પ્રતિવાદીઓ દાવાના વિષયવાળી મિલકતમાં કાયદેસરના કબજા ભોગવટામાં જાતે અગર તેમના માણસો દ્વારા હેલો હરકત કે, અડચણ કરે કરાવે નહીં કે, વાદીના માલીકી હકકને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ મેળવવા અરજી દાખલ કરેલ છે.

**૧.૧** વાદી પક્ષે પોતાની મૂળ દાવા અરજી તથા કામ ચલાઉ મનાઈ અરજી બાબતે દસ્તાવેજી પુરાવા સ્વરૂપે આંક-૦૩ મુજબના દસ્તાવેજી પુરાવાના લીસ્ટથી નિશાની ૩/૧ થી નિશાની ૩/૪ સુધીના દસ્તાવેજો રજૂ કરેલ છે, જેમાં સર્વે નં. ૭૫૯ ના ૭/૧૨ ની નકલ, સર્વે નં.૭૬૦ ના ૭/૧૨ ની નકલ, સર્વે નં. ૭૫૯ ના નકશાની નકલ, મામલતદાર ઉમરેઠની કોર્ટમાં કરેલ અરજીની નકલ આ તમામના આધારે વાદીઓએ દાવાવાળી મિલકતમાં પોતાનો હિસ્સો તથા કબજો પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરેલ છે અને તેના આધારે મનાઈ અરજીમાં માંગેલ દાદ મંજૂર કરવાની અરજ ગુજારેલ છે.

**૨.** પ્રતિવાદીને ધોરણસર સમન્સ બજતા વાદીની દાવા અરજી તથા દરમિયાન મનાઈ અરજી વિરુદ્ધ પ્રતિવાદીનાઓએ લેખિત જવાબ રજૂ કરી જણાવેલ છે કે, વાદીનો દાવો તથા મનાઈ અરજી ખરી નથી. વાદીઓનો આ પ્રકારનો દાવો તથા મનાઈ અરજી કાયદાની જોગવાઈ મુજબ ટકી શકે તેમ નથી. જેથી રદ્દ થવાને પાત્ર છે. વાદીઓનો દાવો ફોલ્સ (ખોટો), ફીવલ્સ (નકામો) અને વેક્સેસિયસ (દુખદાયક) છે. જેથી સી.પ્રો.કોડ (૧૯૦૮) ના ઓર્ડર ૭ રુલ ૧૧ ની જોગવાઈ મુજબ દાવાઅરજી રદ્દ કરવી જોઈએ. વાદીઓનું પ્લીડીંગ "ઇન્ડેફીનેટ" અને "વેગ" છે. તેમજ પુરનું પ્લીડીંગ્સ નહિ હોવાથી આ પ્રકારનો દાવો ટકી શકે તેમ નથી. (મેન્ટેનેબલ નથી) જેથી રદ્દ થવાને પાત્ર છે. વાદીઓના દાવાને "વેવર" ના સિદ્ધાંતનો બાધ છે. વાદીઓના દાવો તથા મનાઈ

અરજીને "નેસેસરીઝ ઓફ પાર્ટીઝ" (જરૂરી પક્ષકાર) નો બાધ છે. માટે આ દાવામાં "એકઝીક્યુટેબલ ડીક્રી" (અસરકારક હુકમનામું) થઈ શકે તેમ નથી. વાદીઓએ લીસ્ટથી રજૂ કરેલ ૭/૧૨ રે.સ.નં–૭૫૯ જોતા મણીબેન, તેજીબેન, શારદાબેન ચંદ્રસિંહની દીકરીઓ સહમાલિક છે. તેમજ કમળાબેન સામંતસિંહ, વસનબેન સામંતસિંહ, જીતસિંહ સામંતસિંહ, સજ્જનબેન સામંતસિંહ સહમાલિકો છે અને જરૂરી પક્ષકારો છે. તેમજ રે.સ.નં–૭૬૦ જોતા આનંદબેન અરવિંદસિંહ, તેજુબેન, નટવરસિંહ, મંગળભાઈ ઉદેસંગ, ફતેસંગ, શારદાબેન, શનાભાઈ, રેખાબેન, સગીર પ્રિયાબેન, સગીર દિમ્પલબેન, સગીર ધનરાજસિંહ વિગેર પણ  જરૂરી પક્ષકાર છે. આમ આ પક્ષકારોની હાજરીમાં અસરકારક હુકમનામું થઇ શેક નહીં તેથી વાદીનો દાવો રદ્દ થવા પાત્ર છે. વધુમાં તેઓ જણાવે છે કે, ખરી હકીકત એવી છે કે, પ્રતિવાદીઓની મિલકત રે.સ.નં–૭૧૦ માં કોઈપણ ઈસમોનો  રસ્તો આવેલો નથી કે. વાદીઓનો પણ પ્રતિવાદીની મિલકતમાં કોઈપણ રસ્તો  આવેલો નથી. વાદીઓનું ખેતર અમારા ખેતરની દક્ષિણે આવેલ છે અને વાદીઓના ખેતરની દક્ષિણે ધીરુભાઈ ધુળાભાઈની જમીન નહી પણ સરકારી નાળ આવેલ છે અને  તે વાદીઓના ખેતરે દક્ષિણે આવેલી  સરકારી નાળ થઇ વાદીઓનો રસ્તો કાયદેસરનો આવેલો છે. રેવન્યુ નકશામાં પણ આ નાળ સ્પષ્ટ રીતે બતાવેલી છે. જયારે વાદીઓનું ખેતર નાળ ઉપર જ હોય ત્યારે પ્રતિવાદીઓના ખેતર સર્વે નં–૭૧૦ માં વાદીઓનો રસ્તો હોવાની હકીકત માની શકાય નહિ. આ કામના વાદીઓ તથા તેમના પુરોગામીઓ પણ તેમના ખેતરની દક્ષિણે આવેલ નાળે થઈ અવરજવર કરતા હતા અને હાલમાં પણ કરે છે. વાદીઓનો પ્રતિવાદીઓના ખેતરમાં રસ્તાનો કોઈપણ હક્ક નહિ હોવા છતાં ખોટા નવા હક્ક ઉભા કરવા માગે છે. વાદીઓએ દક્ષિણાતો ખૂટ જાણી જોઈને ખોટો લખ્યો હોય તેવું સ્પષ્ટ જણાય છે. કારણ કે રેવન્યુ નકશામાં વાદીઓના ખેતરની દક્ષીણે નાળ દર્શાવેલી છે અને તે નાળે થઈ વાદીઓ અવરજવર કરતા હતા અને કરે છે. રેવન્યુ નકશો નહિ માનવાને કોઈ કારણ નથી. નામદાર કોર્ટમાં વાદી તર્ફે આંક–૩ ના લીસ્ટથી નકશાનું ટ્રેસીંગ રજૂ

કરેલું છે. જે જોતા નામદાર કોર્ટને ખાત્રી થશે કે વાદીઓના ખેતર ૭૫૯ ની દક્ષીણે ધીરુભાઇ ધુળાભાઈની ચૌહાણની જમીન નહિ પરંતુ સરકારી નાળ આવેલી છે. જે નાળ થઈ આગળ આવેલ સર્વે નં–૭૬૧ તથા ૭૬૨ ના દક્ષીણે તેમજ પશ્ચિમે આવેલ નાળે થઈ પૂર્વ તરફ આવેલ નાળે થઈ વાદીઓનો રસ્તો આવેલો છે. જે રેવન્યુ નકશાથી સ્પષ્ટ થાય છે. સદરહુ દાવામાં નિ.૧૧/૨ થી કમિશ્નરશ્રીએ પંચનામું રજુ કરેલું છે. જે પંચનામામાં દક્ષિણાતો ખુટ જણાવ્યો છે. ત્યાં ધીરુભાઈ ધુળાભાઈ ની જમીન નહિ પરંતુ નાળ આવેલી છે. જે રેવન્યુ નકશાથી સ્પષ્ટ થાય છે. તેમજ નિ.૧૧/૩ થી ના કમિશ્નરશ્રીએ નકશો કરેલો છે તેમાં પણ વાદીના ખેતરની દક્ષીણે ધીરુભાઈ ધુળાભાઈ ની જમીન નહિ પરંતુ નાળ આવેલી છે અને તે નાળ મૂકી ધીરુભાઈની જમીન હોઈ શકે તેવું રેવન્યુ નકશાથી સ્પષ્ટ થાય છે. આમ કમિશનરશ્રીએ જે દક્ષિણાતા ખુંટનું વર્ણન કરેલું છે તેટલા પુરતું પ્રતિવાદી તર્ફે નકશો નોંધ અને પંચનામાનો ઇનકાર કરીએ છીએ. વાદીઓનો આ રસ્તો લાંબો હોવાથી તેમજ પાક રોડનો ગેરલાભ લેવા માટે તેઓ અમારા ખેતરમાં ખોટી રીતે રસ્તાની માંગણી કરે છે. ખરેખર ઉપર જણાવ્યા મુજબ સર્વે ન–૬૬૧ ની દક્ષીણે થઇ અને જઈ શકાય તેમ છે. વાદીઓની દાવા અરજીમાં તેઓ દાવા વાળા રસ્તાનો વાપર ઉપભોગ કરે છે તેવો કોઈ આધાર પુરાવા દસ્તાવેજી પુરાવો વાદીઓએ રજુ કરેલ નહિ. વાદીઓ અમારા ખેતરમાંથી જે રસ્તાની માંગણી કરે છે તેવો કોઈપણ રસ્તો પ્રતિવાદીના ખેતરમાં થઈને હતો નહિ અને છે નહિ. વાદીઓએ કે તેમના પુરોગામીઓ કોઈ પણ વખત

અમારા ખેતરમાં થઇ અવર જવર કરી નથી. વાદીઓ ખોટી હકીકતો જણાવી ખોટો દાવો પ્રતિવાદી સામે દાખલ કરેલો છે. પ્રતિવાદીઓએ ખેતરમાં અમોએ જે ઝાપો બનાવેલો છે. તે ઝાપે ફક્ત અમારા ખેતરમાં જવાનો રસ્તો છે. આમ વાદીઓએ ખોટી હકીકતો જણાવી ખોટો દાવો દાખલ કરેલો છે. જેથી રદ્ઢ થવાને પાત્ર છે. આણંદના રે.સ.ન– ૭૫૯ જેનું કુલ ક્ષેત્રફળ વે. ૨–૪૮–૮૮ આરે જેના આકાર રૂ.૨૫.૭૪ પૈસાજેનો ખાતા નં–૪ છે જે તમી તમામના સંયુક્ત નામે આવેલ હોવાની બીના ખરી નથી. આમ વાદીઓની બીનાઓ

પ્રતિવાદીઓએ નકારી કાઢી વાદી પક્ષની દાવા અરજી તથા દરમિયાન મનાઈ અરજી ખર્ચ સહિત રદ્દ કરવાની અરજ ગુજારેલ છે.

**૨.૨** પોતાના જવાબના સમર્થનમાં પ્રતિવાદીઓએ આંક–૧૯ અને આંક–૩૬ ના દસ્તાવેજી પુરાવાના લીસ્ટથી નિશાની૧૯/૧ મામલતદાર કોર્ટના હુકમની નકલ અને નિશાની ૩૭/૧ થી દસ્તાવેજની નકલ રજૂ રાખેલ છે.

**૩.** વાદી તરફે વિ.વ.શ્રી આર.વી.શાહ હોય પોતાની દાવા અરજી, દરમિયાન અરજી તથા આંક–૩ના દસ્તાવેજી પુરાવાના લિસ્ટના અન્વયે નિશાની ૩/૧ થી ૩/૪ સુધીના દસ્તાવેજોના આધારે દલીલો કરેલ છે અને દાવાનો આખરી નિકાલ જે કંઈ પણ આવે ત્યાં સુધી દાવો ઈનફ્રક્ચ્યુઅસ ન થઈ જાય કે દાવો પડતર હોય તે દરમિયાન પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતો અન્ય કોઈને વહેચણી, ગીરો, બક્ષિસ કે અન્ય સ્વરૂપે હસ્તાંતરિત કરી અન્યોના હિત હક્કો ઉત્પન્ન કરી મલ્ટિપ્લિન સીટી ઓફ પ્રોસિડિંગ્સને ન ઉદ્‌ભવે તે માટે કામ ચલાઉ મનાઈ અરજી દાવાના આખરી નિકાલ સુધી મંજૂર કરવા અરજ ગુજારેલ છે. તેઓની દલીલો મુજબ તેમનો પ્રથમ દર્શનીય કેસ છે, સગવડતા અગવડતાનું પલડું પણ તેમની તરફેણમાં છે, વધુમાં મનાઈ અરજી મંજૂર કરવામાં આવે તો તેનાથી પ્રતિવાદી પક્ષને કોઈ નુકસાન જાય તેમ ન હોય પરંતુ જો આ કામચલાઉ મનાઈ અરજી નામંજૂર કરવામાં આવે તો તેનાથી વાદી પક્ષને ભરપાઈ ના થઈ શકે તેવું નુકસાન જવાની પૂરેપૂરી શક્યતાઓ હોય, આ પરિબળો લક્ષમાં રાખી તેમની મનાઈ અરજી દાવાના આખરી નિકાલ સુધી મંજૂર કરવાની પણ અરજ ગુજારેલ છે.

**૪.** પ્રતિવાદીઓ તરફે વિ.વ.ડી.આર.પરમારનાઓ હોય પોતાના લેખિત જવાબ તથા આંક–૧૯ અને આંક–૨૧ ના દસ્તાવેજી પુરાવાના લિસ્ટ અન્વયે નિશાની ૧૯/૧ અને નિશાની ૩૭/૧ થી રજુ દસ્તાવેજના આધારે દલીલો કરેલ

છે અને વાદીઓનો સદર દાવાવાળી મિલકતમાં કોઈ કાયદેસરનો હક્ક હિસ્સો સમાયેલ ન હોય તથા તેમને આ પ્રકારનો દાવો કરવાનો કોઈ પણ હક્ક અધિકાર ન હોય તેમનો પ્રથમ દર્શનીય કેસ ન હોવાના કારણે, સગવડતા આવડતાનું પલડું પોતાની તરફેણમાં હોય અને વાદી પક્ષની તરફેણમાં ન હોવા ના કારણે જો દરમિયાન મનાઈ અરજી મંજૂર કરવામાં આવે તો તેનાથી પ્રતિવાદી પક્ષને ભરપાઈ ના થઈ શકે તેવું નુકસાન જાય તેમ હોય, તે પરિબળો લક્ષમાં રાખી વાદીની મનાઈ અરજી ખર્ચ સહિત રદ્દ કરવાની અરજ ગુજારેલ છે.

**૫.** મનાઈ અરજીને લગતા કાયદાના સિદ્ધાંતો અત્રેના કેસની હકીકતો, બંને પક્ષના વિ. વકીલશ્રીઓની રજૂઆતો તથા રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લીધા. વાદી પક્ષના વિ.વ. શ્રીની દલીલો મુજબ દાવાવાળી તકરારી મિલકત રે.સ.નં. ૭૬૦ ની જમીનમાંથી વાદી કાયમી અવર જવર કરતા આવેલા છે. રે.સ.નં. ૭૬૦ વાળી જમીનમાંથી પસાર થઇને તેઓ રે.સ.નં. ૭૫૯ વાળી પોતાની માલિકીની જમીનમાં કાયમ આવતા જતા આવેલા છે. રે.સ.નં. ૭૬૦ વાળી જમીન આ કામના પ્રતિવાદીઓએ વેંચાણથી રાખેલ છે. તે લોકડાઉનમાં અવર જવર ન કરવાના કારણે આ કામના પ્રતિવાદીઓએ આ રસ્તો બંધ કરી દીધેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, રે.સ.નં. ૭૫૯ અને રે.સ.નં. ૭૬૦ બન્ને સર્વે નંબરો એક જ માલિકના નામે ચાલતા હતા. જેમાંથી એક સર્વે નંબરમાં ગણોતિયા પ્રસ્થાપિત થયેલ છે અને બીજી જમીન જમીન માલિકના નામે ચાલતી આવેલ છે. આમ હક્ક, હિત તથા વણવહેંચાયેલો હિસ્સો સમાયેલ હોય તેઓ પોતાના હક્કો મેળવવા માટે હાલનો દાવો શુદ્ધબુદ્ધિપૂર્વકની તકરારના આધારે લઈ અદાલત સમક્ષ ચોખ્ખા હાથે આવેલ છે. આ દાવાનો આખરી નિર્ણય આવે ત્યાં સુધીમાં આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી તકરારી મિલકતને ચાલુ દાવે અન્ય કોઈ ત્રાહિત ઈસમને વેચી દે, અથવા તો, હસ્તાંતરિત કરી દે, કે પછી તેમાં કોઈ નવા હકો ઉત્પન્ન કરે, તો તેનાથી વાદીને નુકસાન જવાની સાથે

મલ્ટીપ્લીસિટી ઓફ પ્રોસિડિંગ્સનો પણ સામનો કરવો પડે તેવી શક્યતાઓ સમાયેલ છે કે, પછી જો પ્રતિવાદીઓ આ દાવાવાળી મિલકતને કોઈપણ રીતે નુકસાન પહોંચાડે, નાશ કરે, તેનું સ્વરૂપ બદલાઈ જાય તે રીતના તેમાં ફેરફાર કરે કે પછી વાદીઓને દાવાવાળી મિલકતમાં કોઈ હક્ક પ્રાપ્ત ન થઈ શકે તેવું કોઈ કૃત્ય કરે કે જેથી દાવાનો આખરી નિર્ણય અને હુકમનામું જો વાદીની તરફેણમાં થાય તો તેનું ફળ તેમને કોઈ રીતે પ્રાપ્ત થઈ ન શકવાથી સમગ્ર દાવો નિરર્થક બની જાય તેવી દહેશત પણ તેમને સતાવતી હોય તેઓ હાલની આ દરમિયાન અરજી લઈને આવેલ છે. પોતાના કથનોના સમર્થનમાં તેઓએ આંક–૩ ના દ. પુ. લીસ્ટથી જે ૭/૧૨ ની નકલ, નકશા અને મામલતદાર કોર્ટના હુકમની નકલ રજૂ રાખેલ છે. આ દસ્તાવેજો ધ્યાને લેતા દાવાવાળી તકરારી મિલકતોમાં વાદીનો કંઈક અંશે લાગ ભાગ, હક, હિસ્સો પ્રથમ દ્રષ્ટિએ સમાયેલ હોવાનું ફલિત થાય છે. જયારે રેવન્યુ નકશામાં વાદીઓના ખેતરની દક્ષીણે નાળ દર્શાવેલી છે અને તે નાળે થઈ વાદીઓ અવરજવર કરતા હતા અને કરે છે. વાદી તર્ફે આંક–૩ ના લીસ્ટથી નક્શાનું ટ્રેસીંગ રજૂ કરેલું છે. આ દસ્તાવેજોનું પુરાવાકીય મૂલ્યાંકન કેસની ટ્રાયલ ચલાવીને, પુરાવા લઈ કરવાનું થાય છે કે જે, હાલના તબક્કે સંભવ નથી, પરંતુ દરમિયાન મનાઈ અરજી નક્કી કરવાના તબક્કે રેવન્યુ રેકર્ડસને વંચાણે લઈ પક્ષકારોના પ્રાથમિક હક્કો હોવાની હકીકત માની શકાય છે. આમ, દાવાવાળી તકરારી મિલકતમાં કોની કેટલી માલિકી છે તે આ તબક્કે કહેવું મુશ્કેલ છે.

આમ, ઉપરોક્ત મુજબની સમગ્ર ચર્ચા – વિચારણા કર્યા બાદ અત્રેની અદાલત એ બાબતના તારણ પર પહોંચેલ છે કે, હાલના કિસ્સામાં કેસની પરિસ્થિતિ જોતા વાદીની તરફેણમાં કામ ચલાઉ મનાઈ આપવો પણ ઉચિત જણાતો નથી; કે પછી વાદીની મનાઈ અરજીને પૂરેપૂરી નામંજૂર કરવી પણ ઉચિત જણાતી નથી, કારણ કે જો આવા કિસ્સામાં અદાલત હસ્તક્ષેપ નહીં કરે તો તેનાથી બંને પક્ષકારોના હક્ક – હિતોને નુકસાન જવાની પૂરેપૂરી શક્યતાઓ સમાયેલી છે. આમ, આવા કિસ્સામાં યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો

એટલે કે,***(Status Quo to be maintained)*** નો હુકમ કરવો ન્યાયિક જણાય છે અને આવો હુકમ કર્યેથી બંને પક્ષકારો પૈકી કોઈને પણ નુકસાન જાય તેમ નથી તથા સગવડતા અગવડતાનું પલડું પણ સંતુલિત થાય તેમ છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.** વાદીની દરમિયાન મનાઈ અરજી આંશિક રીતે મંજૂર કરવામાં આવે છે.

**૨.** દાવામાં સામેલ તમામ પક્ષકારોને આદેશ આપવામાં આવે છે કે, દાવાવાળી તકરારી મિલકતો કે જેનું વર્ણન વાદીએ પોતાની દાવા અરજીના અને મનાઈ અરજીના ફકરા નંબર ૩માં કરેલ છે તે તમામ મિલકતોની પરિસ્થિતિ હાલની સ્થિતિએ જે છે તેને યથાવત સ્વરૂપે અત્રેની અદાલત દ્વારા આ દાવાના આખરી નિકાલ થાય ત્યા સુધી જાળવી રાખવી.

**૩.** પક્ષકારોએ દાવાની ઝડપી સુનાવણી કરવામાં સહકાર આપવો.

**૪.** ખર્ચ અંગેનો હુકમ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(શાલિની એસ.બારઠ)
તા. ૧૬/૦૩/૨૦૨૬ પ્રિન્સિપાલ સીવીલ જજ,
ઉમરેઠ.
Code No.-GJ01573